## જન્મદિને વધામણી



પંઢરીનાથ શંકરરાવ જગતાપ
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪



દિપકભાઈ સાંકાભાઈ પટેલ
મંત્રી, શ્રી ઉ.દ.ક.પા. સમાજ
ડિરેક્ટર, ધી સચિવાલય ન્યુ ક્રેડિટ સોસાયટી
સહમંત્રી, ધી સચિવાલય ઉપહાર ગૃહ લિ.
મો. ૯૯૯૮૭ ૪૭૫૪૪



દિવ્યરાજસિંહ જયેન્દ્રસિંહ બિહોલા
મો. ૯૯૦૪૬ ૫૮૬૧૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### ઈન્ફોસિટી સ્કૂલમાં રોચમૅન સંસ્થા દ્વારા

# જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો





ઈન્ફોસિટી સ્કૂલમાં રોચમૅન સંસ્થા દ્વારા એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મેહુલ મેકવાન, મંથન પંડ્યા અને તેમના ટીમ મૅમ્બર સુધીર ચંદ્રરાવલ, ડૉ. નિધિ પંડ્યા, જીમી મહેતા દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં અંગ્રેજી માધ્યમના ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ ભ્રષ્ટાચાર, બેટી બચાવો, આપણા સમાજની ઍજ્યુકેશન સિસ્ટમ, સ્વચ્છતા વિષયે નાટક ઉપરાંત ગૅલેરી અને પ્રેઝન્ટેશનની રજૂઆત કરી હતી.

આ પ્રસંગે શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવસર ઉપસ્થિત રહ્યા હતા. સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમનાં પ્રિન્સિપાલ પ્રવિણાબેન અને અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ સંપન્ન થયો હતો.

# સરસ્વતી વિદ્યાલય ખાતે મોટીવેશન કાર્યક્રમ યોજાયો



સ્વામી વિવેકાનંદ ઍજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો હાઉ દૂર કરવા અને જીવનમાં સફળતા મેળવવા મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

હિમાંશુ ચૌધરી દ્વારા 'હિંમત રાખો, હોંસલો ના છોડો' વિષયે પ્રભાવી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પરીક્ષામાં સફળતા મેળવવા માટે કેવી રીતે મહેનત કરવી અને પરીક્ષા સમયે વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનો હલ કેવી રીતે મેળવવો તે અંગે તેમણે વિગતે સમજ આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા અનેક પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ક્રિસમસની ઉજવણી કરવામાં આવી



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, વિહાર ખાતે કેજીથી ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ એસેમ્બલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી તૈયારી અંગે વિગતે માહિતી આપવામાં આવી હતી. સ્ટ્રેસ ફ્રી ભણતર માટેની ટીપ્સ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. પરીક્ષાને લગતું તૈયારીનું ટાઈમટેબલ કેવી રીતે બનાવવું, ભણવાની સાથે વ્યાયામ કેટલો જરૂરી છે વગેરે બાબતોની સમજ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ સાથે સમગ્ર શાળા પરિવારે સાથે મળીને ક્રિસમસ પર્વની ઉજવણી ઉત્સાહથી કરી હતી અને સર્વધર્મ સમભાવ તથા બિનસાંપ્રદાયિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### નૂતન વર્ષને આવકારવા

# ૩૧મીએ ભાડજ મંદિર દ્વારા મનોરંજક કાર્યક્રમ

નૂતન વર્ષને આવકારવા તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ રવિવારના રોજ હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. હરેકૃષ્ણ મંદિર,ભાડજ ખાતે નૂતન વર્ષ પ્રારંભની શરૂઆત નિમિતે એક વિસ્તૃત મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો જેવા કે આહલાદક સંગીત, વિનોદ અને ઉતેજનાસભર રમત-ગમત અને કૃષ્ણલીલા નૃત્યનાટકની પેશગી અને ફૂડ ફેસ્ટિવલ વિગેરેનું કરવામાં આવેલ આયોજન આધ્યાત્મિકતાનો અનુભવ (શાંતિ) પ્રદાન કરશે.

હરેકૃષ્ણ મંદિરના પ્રેસિડન્ટ સ્વામી જગનમોહન કૃષ્ણ દાસા જણાવે છે કે જયારે નૂતનવર્ષની શરૂઆત નિમિતે અમદાવાદમાં ઘણા લોકોએ રાત્રી-પાર્ટીમાં હાજર રહેવાનું નકકી કરેલ હશે ત્યારે હરેકૃષ્ણ મંદિર,ભાડજ એ આ તકનો લાભ લઈને અમદાવાદના લોકો માટે મંદિર પરિસરમાં આધ્યાત્મિક હર્ષોન્માદ સાથે નૂત્તનવર્ષની ઉજવણીમાં લોકોને જોડવા અને નૂત્તનવર્ષને આવકારવાનો નિર્ણય લીધો છે જેથી આવનાર વર્ષ બધા લોકો માટે કલ્યાણકારી બની રહે.

ઘણી બધી પ્રકારની ઉત્તેજનાસભર રમતોનું આયોજન કરવામાં આવ્યું છે જેનો હેતુ સ્પર્ધકોને માત્ર મનોરંજન ન આપતા સાથેસાથે અતિમૂલ્ય આધ્યાત્મિક સિધ્ધાંતનો બોધ પણ મેળવશે જેનો લોકો પોતાના રોજીંદા જીવનમાં સમાવેશ કરીને લાભ મેળવશે. દર વર્ષે, મંદિરનું મંત્ર રોક બેન્ડ મધ્યરાત્રિએ નવ વર્ષ નિમિતે રોક મ્યુઝીકના તાલે ભજન ગાવા-વગાડવામાં આવે છે. જે લોકો મધ્યરાત્રિ સુધી પાર્ટી માણવાનો ધ્યેય ધરાવે છે તેઓ મહામંત્રના અથવા કૃષ્ણ ભજનના તાલે નાચીને આનંદ અનુભવશે. આત્મા આશરે ૮૪ લાખ પ્રજાતિની યોનીઓ તેના વિવિધ જીવનકાળ દરમ્યાન ધારણ કરે છે આ સર્વોત્તમ સિધ્ધાંતનો બોધ સર્વે ભકતોને આપવા માટે હરેકૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા ઉત્તમ નમૂનારૂપ "મ્યુઝીકલ ચૈર" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે.જી.કોલેજ ઓફ પરફોર્મીંગ આર્ટસ દ્વારા કૃષ્ણ લીલા પર એક વિશેષ નૃત્ય નાટીકાની પેશગી કરવામાં આવનાર છે. પોતાના ઈતિહાસમાં સૌપ્રથમ વાર, હરેકૃષ્ણ મંદિર ભાડજ દ્વારા મોટા પાયે વિશિષ્ટ વાનગીઓ અને રેસેપી દ્વારા "ફુડ ફેસ્ટિવલ" નું આયોજન કરી રહ્યું છે. હરેકૃષ્ણ મંદિરના ભક્તો દ્વારા "ડેસ્ટીનેશન વૈકુંઠા" નાટકનું નિરૂપણ કરવામાં આવનાર છે. આ વખતે આશરે ૨૦૦૦ કરતા પણ વધુ લોકો આ ઈવેન્ટમાં ભાગ લેશે એવુ અનુમાન છે. હરેકૃષ્ણ મંદિરના ભક્તો દ્વારા મધ્યરાત્રિએ ભજનની સાથે મહા આરતી કરવામાં આવશે.

### ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત

# મનોરંજક નાટક 'કાચિંડો' આજે આંબેડકર હૉલમાં ભજવાશે

## નવિન સિંગલ લિખિત - રફિક પઠાણ દિગ્દર્શિત નાટક બનાસકાંઠા મિત્ર મંડળના યજમાનપદે યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાથી નિર્મિત, નવિન સિંગલ લિખિત અને રફિક પઠાણ દિગ્દર્શિત નાટક 'કાચિંડો' તા. ૨૮ ને શુક્રવારના રોજ રાત્રે ૯.૩૦ કલાકે બનાસકાંઠા મિત્ર મંડળના યજમાન પદે આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે ભજવાઈ રહ્યું છે.

આ અંગેની માહિતી આપતાં રફિક પઠાણ અને બનાસકાંઠા મિત્ર મંડળના અગ્રણી જીવરાજ ચૌધરી, જિજ્ઞેશ રાવલે જણાવ્યું છે કે, આ નાટકના સહદિગ્દર્શક તરીકે બિમલ પાટીલ, મેક-અપ મનુ પંડ્યા અને લાઈટ સંચાલક તરીકે અનવર મનસુરી પોતાની સેવાઓ આપી રહ્યા છે. મિહિર ઉપાધ્યાય, મેગ્ડીલીન ક્રિશ્ચિયન, નિરાલી જોષી, અક્ષિત વ્યાસ, વિજય આનંદ, ઈફતેખાર નિઝામી, કરણ, શાહરૂખ, પૃથ્વી, કમલેશ પરમાર, અને સફી સુબેદાર આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યા છે. નાટક માણવા માટે કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી, એમ જણાવતાં તેમણે આ નાટક માણવા માટે બનાસકાંઠા મિત્ર મંડળના તમામ સભ્યો ઉપરાંત નાટ્યરસિક પ્રેક્ષકોને પણ પધારવા માટે નિમંત્રણ પાઠવ્યું છે.

# 'મૃત્યુ મરી ગયું રે લોલ' ક્યારે ગાઈ શકાય ?




માણસ એટલે કાચી માટીનું કોડિયં. માણસ એટલે ભીની ખુશ્બુ અને તપતું રણ. માણસ ઈશ્વરની અનુપમ કૃતિ અને માણસ તરીકે જન્મ મળવો તે કરેલાં પુણ્યકર્મનું મધુર ફળ ! માણસ વિશે ઘણી ઘણી વાતો સાહિત્યમાં કરવામાં આવી છે છતાં માણસને કદી પામી કે માપી શકાતો નથી તે પણ કડવી સચ્ચાઈ છે. માનવીનું માનવ બનવું એ જ પરમ આનંદની ઘટના છે. આજના માનવીએ ટેકનોલોજી તથા વિજ્ઞાનના સહારે વિશ્વને બદલી નાંખ્યું છે. મશિન્સ હવે માનવી થઈ રહ્યા છે તો માનવી ખુદ મશિન જેવો, પ્રતિભાવહિન બની ગયો છે ! વાસ્તવમાં માનીમાં શું શું હોય છે ? જીવંત માનવીમાં શક્તિ, તેજ, વેદના, સંવેદના,સુખ-દુખ, ભાવ, લાચારી, આનંદ, વિષાદ, વિયોગ, વિસ્મય, જિજ્ઞાસા, આદત, જિજીવિષા અને વિજીવિષા ઈત્યાદિ જોવા મળે છે. માણસ પાસે ભાષા છે. ભૌતિક ભૂખ, પરિશ્રમ, તુલનાત્મક દૃષ્ટિ,ભક્તિ અને સહાનુભૂતિનાં ઉમદા પાસાઓ કે ગુણો પણછે. એક વ્યક્તિને હંમેશાં બીજી વ્યક્તિની હૂંફ, પ્રેમ તથા સહાનુભૂતિની અવિરત શોધ હોય છે. સદ્કર્મો, ઉમદા ધ્યેયો અને નિષ્ઠાથી આ માનવ વિશ્વમાં સુખના ધોધ સર્જી શકે ચે તો નકારાત્મક વિકાસના રસ્તે જઈ સર્વનાશ પણ ઊભો કરી શકે છે. માણસ વર્ષોમાં નહીં, પોતાનાં કર્મોમાં જીવતો રહે છે. હવે ચર્ચાનો મુદ્દો છે મૃત્યુ. અને આ મૃત્યુ પ્રત્યેનો અભિગમ કેવો છે ? અવસાન થવું એ અંતિમ સત્યને કોઈ કાળે ટાળી શકાય એમ નથી. મૃત્યુની વ્યાખ્યા શું છે ? જીવન મળવું કે સમાપ્ત થઈ જવું એ કુદરતનો નિર્ણય હોય છે. એટલે ગ્રંથો કે શાસ્ત્રોમાં આત્મહત્યા નહીં કરવી એ પ્રકારનો ઉપદેશ આપવામાં આવ્યો છે. જે જન્મ લે છે એનું મરણ પણ નિશ્ચિત જ હોય છે પરંતુ આપણે તે જોઈ શકતા નથી અથવા એવી દિવ્ય દૃષ્ટિ નથી. મરણ એટલે શરીરૂપી સજીવ પદાર્થમાંથી આત્માની અંતિમ અલવિદા ! રાખનાં રમકડાં મારા રામે રમતા રાખ્યા રે - એવું ભજન પણ બહુ જ પ્રેરક અને સત્ય દર્શાવનારું છે. ભાવિ કર્મોનો આધાર નષ્ટ થઈ જવો કે ભૂતકાળનાં કર્મો બાબતે કાયમ માટે જબાન ચૂપ થઈ જવી એ અવસાન હોય છે એટલે માણસ નિર્જીવ થાય પછી તેનું મૂલ્ય શૂન્ય અને શરીરને પંચમહાભૂત તત્ત્વોમાં મેળવવાની જ વાતને સમર્થન આપવામાં આવે છે.



ઈશ્વર કે ઈશ્વરનાં અવતારોને મરણ સ્પર્શી શકતું નથી છતાં દેહ ધારણક રેલ હોય માટે આત્માને બંધનથી મુક્તિ આપવી જ પડે છે. ઈશ્વર સમયાંતરે ધર્મનું પ્રવર્તન કરવા અને અધર્મના નાશ માટે જન્મ લેતા રહે છે. માનવી પાસે તો મૃત્યુની બાબતમાં કોઈ જ વિકલ્પ નથી. એ આવે તે નક્કી છે તો પછી જીવન માટેનો બોધ કયો હોઈ શકે ? મરણ તો તનનું થાય છે, આત્મા અજર, અમર, અવિનાશી જ છે અને એ જતાં શરીર અચેતન બની પડ્યું રહે છે. જે શરીર સાથે પરિવારે, મિત્રોએ, દુનિયાએ પ્રેમ કરી સંબંધ નિભાવ્યો હતો એ શરીર નિશ્ચિતન થતાં દુખ કે વિષાદ આવે છે. મૃત્યુ કદી નહીં આવે એવું હોતું નથી. સંસારને ચાર દિન કી ચાંદની કહેવાય છે અને વિશ્વના રંગમંચ ઉપર સ્વયંને જે ભૂમિકા કર્મથી, સ્થાનથી મળી હોય તેને નિષ્ઠાથી નિભાવવાની વાત બધા ધર્મો કે સંપ્રદાયોમાં કરવામાં આવી છે. મૃત્યુ જ મરી જાય તો માણસ વાસ્તવમાં જીવી ગયો ગણાય. મૃત્યુ જો નિશ્ચિત જ હોય તો શા માટે વિષાદમાં દુખી થવું ? દુનિયામાં જે દુખ છે એ સ્વજનના જવાથી, તેના જવાથી પડનાર આર્થિક ખોટથી અને સંબંધોની આત્મીયતાને કારણે પણ છે.

મોક્ષપદ એ અતિ ઉમદા અને ઉચ્ચ વિચાર છે. પણ બધાં તેને લાયક જીવન જીવતાં નથી. આખી જિંદગી ભોગવાદમાં ભરપૂર જીવે તે માનવી મોક્ષ કઈ રીતે પામી શકે ? મોક્ષ અર્થાત ફરીથી કોઈ જન્મ મળે જ નહીં અને આત્મા પરમાત્માના તેજમાં ભળી જાય એ સ્થિતિને મોક્ષ ગણવામાં આવે છે. મરણને શરણ માનવી જન્મથી જ છે પરંતુ જીવતા જીવ આ જ્ઞાન સ્મશાન વૈરાગ્ય જેવું હોય છે. એનું મૂળ કારણ એ છે કે ત્રિગુણાત્મક માયા એ ઈશ્વરની કૃતિ છે અને એ માણસને દોડતો, ભાગતો, કાર્યરત રાખે છે. જો માયા જ ઊઠી જાય તો જીવન પૂરું થઈ જાય છે.

જો માણસ રોજ મૃત્યુને યાદ રાખીને જીવનરથ ચલાવે તો સહજ રીતે અધર્મયુક્ત કે અનિચ્છનિય કર્મોથી તે બચી જાય છે. વીજળીના ચમકારે મોતીડાં પરોવી લેવાં એ બહુ જ કપરી વાત છે. કેમ કે ઓચિંતાં અંધારાં થઈ જાય પછીથી કંઈ જ થઈ શકતું નથી.

મૃત્યુ બાદ જગતમાં જીવવું હોય તો એક જગ્યા છે અને તે છે વ્યક્તિનું દિલ. મૃત્યુ એ માનવજાત કે સજીવ સૃષ્ટિ ઉપર કુદરતે કરેલો એક મોટો ઉપકાર છે. ઈચ્છામૃત્યુના વરદાનો હવે કોઈને મળે તેવું નથી. મોહ, માયા, મારું-તારું - આ બધાંની વચ્ચે જીવ બરાબર ફસાઈ જાય છે એટલે તપ, જપ, ભક્તિ અને પ્રભુને ભજી લેવાની વાત કરવામાં આવી છે. પૃથ્વી ઉપર દરેક વ્યક્તિ અતિથિ જ હોય છે. માટે ઉમદા જીવન જીવી અન્યનું ભલું થાય તેની કાળજી લેવાય તો જીવન સાર્થક બને છે અને મૃત્યુ જ મરી જાય છે.

**શેર આસ્વાદ**

હું અને મારો સમય
બંને છીએ સરખા
નથી એ મારું માનતો
નથી હું એને માનતો




(૧) ભારતના સૌથી મોંઘા સીંચાઈ પ્રોજેક્ટ 'કાલેશ્વરમ લિફ્ટ ઈરીગેશન પ્રોજેક્ટ'ને કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે તે કયા રાજ્યમાં નિર્માણ પામશે ?
(એ) હેદરાબાદ
(બી) તેલંગણા
(સી) કર્ણાટક
(ડી) કેરલ

(૨) ૨૦૧૭માં વાયુ પ્રદૂષણનો સામનો કરવા કયા રાજ્યમાં એન્ટી સ્મોગ ગનનો પ્રયોગ કરવામાં આવ્યો છે ?
(એ) દિલ્હી (બી) હરિયાણા
(સી) પંજાબ (ડી) ઉત્તરાખંડ

(૩) ધર્મેન્દ્ર પ્રધાને પૂર્વ ભારતના પ્રથમ સીએન સ્ટેશનનું ઉદ્દ્ઘાટન કયા શહેરમાં કર્યું હતું ?
(એ) મુંબઈ (બી) રાંચી
(સી) ભૂવનેશ્વર (ડી) ઈટાનગર

(૪) તાજેતરમાં ઈકો-નિવાસ નામના ઓનલાઈન પોર્ટલનું અનાવરણ કોણે કર્યું હતું ?
(એ) રાષ્ટ્રપતિ (બી) પ્રધાનમંત્રી
(સી) ગૃહમંત્રી (ડી) એક પણ નહીં

(૫) વિશ્વ આરોગ્ય સંસ્થાનું ૧૧મું મંત્રીસ્તરીય સંમેલન કયા શહેરમાં યોજાયું હતું ?
(એ) લંડન (બી) બ્યૂનસ આયર્સ
(સી) રોમ (ડી) દિલ્હી

(૬) ૨૦૧૭માં મિસ્ટર ઈન્ડિયા વર્લ્ડનો ખિતાબ કયા ભારતીયે જીત્યો હતો ?
(એ) પવન રાવ (બી) જિતેશસિંહ દેવ
(સી) સમીર અલી (ડી) અભિ ખજૂરિયા

(૭) ૨૦૧૭માં ભારત ઓસ્ટ્રેલિયા અને જાપાન દેશોની ચોથી ત્રિપક્ષીય બેઠક કયા શહેરમાં યોજાઈ હતી ?
(એ) મુંબઈ (બી) નવી દિલ્હી
(સી) ચેન્નઈ (ડી) ચંદીગઢ

(૮) ૨૦૧૭માં ભારતીય ઓલિમ્પિક સંઘના નવા અધ્યક્ષ પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) મનોહર જોષી (બી) નરિંદર બત્રા
(સી) ગોપાલ ઐયર (ડી) મનોજસિંહ

(૯) ૨૦૧૭માં રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ કઈ તારીખે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૧૮ ડિસેમ્બર (બી) ૧૯ ડિસેમ્બર
(સી) ૧૪ ડિસેમ્બર (ડી) ૧૦ ડિસેમ્બર

(૧૦) તાજેતરમાં નિધન પામનાર નીરજ વોરા કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
(એ) અભિનય (બી) સંગીત
(સી) તબીબી (ડી) રાજનીતિ